# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૧૯૫૨ તા.૦૨/૦૬/૨૦૨૦

## પરિપત્ર - ૨૦૬૪

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓએ કોરોના વાઇરસની મહામારીનું સંકમણ નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેરહિતમાં તા.૦૧/૦૬/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૦ સુધી યુનિવર્સિટી કાર્યાલયની મુલાકાત સમયે નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કન્ટેઇનમેન્ટ ઝોનમાં રહેતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંસ્થાઓને રાજ્ય સરકાર દ્વારા બહાર પડવામાં આવતી સુચનાઓનું પાલન કરવાનું રહેશે.
- યુનિવર્સિટી પરિસરમાં ફેસ-માસ્ક વગર પ્રવેશ મળી શકશે નહી.
- યુનિવર્સિટીના તમામ વહીવટી કર્મચારીઓએ યુનિવર્સિટીના નિયત્ત સમય દરમ્યાન સવારે ૧૦.૩૦ થી સાંજના ૦૬.૧૦ સુધી ફરજ્યાત હાજર રહેવાનું રહેશે.
- યુનિવર્સિટી પરિસરમાં પ્રવેશ કરતી વખતે જરૂરી તબીબી નીરીક્ષણ/સેનીટાઇઝની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી પરિસરમાં કાર્ય કરતા કર્મચારીઓએ કામના સ્થળે બેઠક વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની જુદા જુદા સેમેસ્ટરની પરીક્ષા સંદર્ભે યુનિવર્સિટીની વેબસાઇટ www.sggu.ac.in જોતા રહેવા વિનંતી છે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા અંગેની તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેના મૂંઝવતા પ્રશ્નોના નિવારણ માટે અલાયદા સેલની રચના કરવામાં આવી છે જે અંગેની વિસ્તૃત્ત માહિતી વેબસાઇટ પર તા.૦૧/૦૬/૨૦૨૦ના પરિપત્ર-૨૦૬૩ થી મુકેલ છે. જેથી યુનિવર્સિટી ખાતે રૂબરૂ કોઇજ રજૂઆત કરવાની રહેશે નહી. આ સુચનાનું સૌ કોઇએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સુચનાનો અનાદર કરનાર સામે કોરોનાના પ્રવર્તમાન પ્રાવધાનો અન્વયે કડક કાર્યવાહી કરવામાં આવશે.
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા કોલેજોના કર્મચારીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓને અનુલક્ષીને જાહેરહિતમાં કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવાની તકેદારી રાખવા અંગેની બહાર પાડવામાં આવેલા સુચનો/SOPની અમલવારી કરવાની રહેશે. તથા કોરોના વાઇરસનું સંક્રમણ અટકાવવા સામાજીક અંતર, સેનીટાઇઝેશન, સ્વચ્છતા અંગેની કાળજી રાખવાની રહેશે તથા તે અંગે નોટીસ બોર્ડ ઉપર સુચનાઓ મુકવાની રહેશે.
- નવા શૈક્ષણિક વર્ષ તથા પ્રવેશ અંગેની તમામ માહિતી યુનિવર્સિટી વેબસાઇટ પરથી મેળવવાની રહેશે તે અંગેની તમામ જાણકારી યુનિવર્સિટી દ્વારા વેબસાઇટ પર મુકવામાં આવશે.
- યુનિવર્સિટી પરિસરમાં કોઇપણ સ્થાને ૪ અથવા વધુ વ્યક્તિઓ કામ વગર એક સ્થળે ભેગા મળી/બેઠક કરી શકાશે નહિ.

- યુનિવર્સિટીમાં આવનાર રિસર્ચ-સ્કોલર છાત્ર-છાત્રાઓએ યોગ્ય અંતર જળવાય (Social Distance) તેની કાળજી રાખવાની રહેશે.
- યુનિવર્સિટીમાં કાર્યરત સેવક ભાઇ-બહેનોએ આ વિશિષ્ટ પરિસ્થિતિમાં યુનિવર્સિટી પરિસર અને તમામ કાર્યાલયો સ્વચ્છ રહે તે માટે કાર્યરત થવાનું રહેશે. તેઓએ માસ્ક ફરજ્યાત પહેરવાના રહેશે.
- રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇન મુજબ રાત્રીના ૯.૦૦ થી સવારના ૫.૦૦ વાગ્યા સુધી કર્ફ્યુનું પાલન કરવાનું રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા મુલાકાતીઓ તરફ જાણ તથા તેનું પાલન કરવા સારૂ.